

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*પ્રચાર ખરલે ઘૂંટી, વિકાસની ભાંગ ચઢી છે,*
*અચાનક આવે મળેલી, સત્તાની ભાંગ ચઢી છે,*
*ભાંગ ચઢી છે પ્રજાને - હસ્યા કરે દિવાસ્વપ્નો જોઈ -*
*દેખે ડગલે-પગલે દેશદ્રોહ, ભાંગ ચઢી છે.*

હાઈકુ

*છે 'ભવ' નાથ*
*ત્યાં, આયંકનો કોઈ -*
*સં'ભવ' નથી...*

*તમે પોતે જ!*
*'એલર્ટ' રહો તો ય -*
*બસ! બહુ થયું!!*

### ચિંતન

**બ્રાહ્મણેષુ ચ શૂરાઃ સ્ત્રીષુ જ્ઞાતિષુ ગોષુ ચ ।**
**વૃતાંદ્દિવ ફલં પક્વં ધૃતરાષ્ટ્ર! પતન્તિ તે ॥**

'વિદુરજી, ધૃતરાષ્ટ્રને જ્ઞાનબોધ આપતા કહ છે કે હે રાજન! જે લોકો વિદ્વાન-પંડિતો-જ્ઞાની લોકો ઉપર, અબળાઓ (સ્ત્રીઓ), તથા ગાયમાતા ઉપર પોતાનું શૌર્ય બતાવે છે, (જુલ્મ કરે છે) એવા લોકો જેમ, પાકુ ફળ ડીંટડામાંથી છૂટું પડે તરત સરળતાથી પડી જાય છે એમ, એમનું પણ પતન થાય છે, સમાજમાંથી ખરી પડે છે.'

કૌરવો એ છળકપટથી, દુશાસનની મદદથી જે રીતે પાંડવોને અન્યાય કરી, ત્રાસ આપતા હતા એ ખોટું છે, પાપ છે એવું કરનારનું પતન જ થાય છે એમ સમજાવવા આ શ્લોક કહી આડકતરો ઉપદેશ આપે છે.

યુદ્ધિષ્ઠિરને 'ધર્મરાજ' કહેવામાં આવ્યા છે સત્યપથ પર ચાલનાર વિદ્વાનને અન્યાય કરી તેમનું શોષણ ન થાય. દ્રોપદીની પણ ભરી સભામાં અવદશા કરી દુર્યોધનના પતનની નિશાની છે એમ સમજાવે છે.

### સુવિચાર

- જિંદગી મેં અપનોં કે લીયે, અપનોં કો કભી દૂર નહીં કરના,
  કયું કી અપનોં કે બિના સપનોં કી કોઈ કિંમત નહીં - **એસ.એમ.એસ.**
- દ્વેષની એક આંખ અધર્મ તરફ અને બીજી આંખ ક્રૂરતા તરફ હોય છે - **એસ. ભટ્ટાચાર્ય**
- કરૂણાવાન માણસ પોતાને બીજાના સ્થાનમાં અને
  બીજાને પોતાના સ્થાનમાં જોઈ શકે છે - **ડો. ચંદ્રકાન્ત મહેતા**
- સંતોષ વિનાનો લખપતિ... ભિખારી છે - **મુનિ ચંદ્રવિજયજી**
- કોઈ ભૌતિક સુખ એવું નથી જેની પાછળ દુઃખ ઊભું ન હોય - **જનકલ્યાણ**
- આજને સફળ બનવો, કાલ આપોઆપ સફળ બની જશે,
  જન્મને સુધારો, મૃત્યુ આપોઆપ સુધરી જશે - **મુનિ તરૂણસાગરજી**
- આજનું ઔષધ : એલચી, સિંધવ, ઘી અને મધ સરખે ભાગે ચાટવાથી કફ મટે છે

(સંકલન : દીપક વી. આસરા)

### બોધકથા

આજકાલ 'ઈશ્વરની પ્રાપ્તિ' 'મોક્ષ' અને 'આત્મજ્ઞાન'નું ધ્યેય લઈ સંસાર છોડી સાધુ થયેલા સંતો પણ આશ્રમ-મંદિરો બાંધવા-ગૌશાળા-દવાખાના-નિશાળોના વહીવટમાં અટવાઈ પોતાનું ધ્યેય ભૂલી 'આડે માર્ગે' ચઢી જાય છે. દક્ષિણના લામા ગુરુએ ઉત્તરના લામાને એક બૌધ ધર્મ નિષ્ણાત ભિખ્ખુને દક્ષિણના મઠમાં મોકલવા વિનંતી કરી. લામા અધિપતિએ પાંચ ચૂનંદા શિષ્યોને દક્ષિણમાં જવા આજ્ઞા આપી. શિષ્યો કહે - પણ, ત્યાં તો માત્ર એકની જ જરુર છે છતાં આપે પાંચ કેમ પસંદ કર્યા?

અધિપતિએ સ્મિત સાથે જવાબ ટાળ્યો. પાંચ રવાના થયા. એક ગામ પહોંચ્યા ત્યા મહાધિપતિ મૃત્યુ પામ્યા હતા. ગામ લોકોએ આ પાંચને રહેવા માટે આશ્રમ અને સમૃદ્ધિ સાથે તમામ મિલ્કત આપવા ઑફસ આપી. એક લલચાી ગયો. ચાર આગળ વધ્યા.

રસ્તામાં રાજા પોતાની કુંવરી માટે પતિ શોધવા નિકળ્યો હતો. એક એમાં લોભાઈ ગયો. ત્રણ આગળ વધ્યા. રસ્તામાં એક નિરાધાર રુપસુંદરીએ કોઈ એકને પોતાના મહેલમાં રોકાઈ જવા અને સંસાર માંડવા વિનંતી કરી એક એમાં રોકાયો. બે આગળ વધ્યા. એક બૌધ મઠમાં વિખવાદ હતો. કોઈ તટસ્થ સાધુની શોધ હતી. અધિપતી તરીકે ત્યાં જ રોકાઈ ગયો. બાકી વધ્યો એક એ ગુરુઆજ્ઞા પ્રમાણે છેક દક્ષિણ સુધી પહોંચ્યો.

# ... નારી તું નારાયણી

મહિલા શક્તિની આંતરરાષ્ટ્રીય સ્વીકૃતિ સ્વરુપે આજના દિવસો વિશ્વભરમાં આંતરરાષ્ટ્રીય મહિલા દિનની ઊજવણી થાય છે. પહેલાં તો આવી ઉજવણીની જરૂરિયાત કેમ ઊભી થઈ એવો પ્રશ્ન થાય. આંતરરાષ્ટ્રીય પુરુષ દિવસ ન ઉજવાતો હોય તો મહિલા દિવસ ઊજવવાની જરુર ખરી? ખુદ વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીએ મહિલા જનપ્રતિનિધિઓની સભાને સંબોધતાં આવો પ્રશ્ન ઉપસ્થિત કરી કહ્યું કે સશક્ત હોય એવા સશક્તીકરણની વળી જરુર જ કયાં રહે છે? મહિલા જેટલો તો પુરુષ પણ સશક્ત નથી - એક ગૃહિણી એકી સાથે કેટકેટલાં કામો પર ધ્યાન રાખતી હોય છે! વડાપ્રધાનનું આ નિરીક્ષણ સાચું છે, છતાં હકીકત એ છે કે અમેરિકા જેવી સર્વશક્તિમાન મહાસત્તાને હજી મહિલા પ્રેસીડેન્ટ મળવી બાકી છે. વળી એક સર્વેક્ષણમાં એવું તારણ નીકળ્યું છે કે નિવૃત્ત થતાં સુધીમાં પુરુષોને મળેલ

## તંત્રીસ્થાનેથી...

મહેનતાણાની કુલ રકમની સરખામણીએ મહિલાની આવક ઘણી ઓછી હોય છે. એટલું તો નક્કી કે આખી દુનિયામાં ઘણા બધા વ્યવસાયમાં પુરુષો હાવી રહે છે. એમાં સ્ત્રીની શારીરિક રચના અને માતૃત્વ તથા બાળ ઉછેર જેવા મુદ્દા જ કારણભૂત હોય છે એવું પણ નથી. ખરું કારણ તો વર્ષોથી ચાલી આવતી પરંપરાગત માનસિકતામાં પડેલું છે. મહિલાઓને અમુક મર્યાદાઓમાં રહીને જ કામગીરી બજાવવી પડતી હોય છે. પુરુષ વર્ગે એને શરુથી જ પોતાના નિયંત્રણમાં રાખવાનો પ્રયાસ કર્યો છે અને મહિલાઓએ એ વ્યવસ્થા ચૂપચાપ સ્વીકારી પણ લીધી છે. ન સ્ત્રી સ્વાતન્ત્ર્યમ્ અર્હતિ એ મનુ સ્મૃતિનું સૂત્ર એકવીસમી સદીમાં પણ વધતા ઓછા પ્રમાણમાં પ્રાસંગિક ગણાતું રહ્યું છે. છોકરીને છેક બાળવયથી જ બીકણ બિલાડી બનાવી દેવાય છે. એને પહેલાંથી જ લક્ષ્મણરેખાઓ દોરી આપવામાં આવે છે. પતિનો પરમેશ્વર ગણવાનો આદર્શ ખોટો નથી, પરંતુ સામે પક્ષે પત્નીને દુર્ગાનું સ્વરુપ ગણી એનું સમ્માન જાળવવાનું કયાં શિખવાડાય છે? વર્ષો સુધી સતીપ્રથા ચાલતી રહી; બાળકીઓને જન્મતાંની સાથે દૂધ પીથી કરી દેવાની ક્રૂર પ્રથા સામે સમાજમાં કોઈ જ પ્રતિકાર ન સરજાયો. આજે આધુનિક વિજ્ઞાનની ઉપલબ્ધિઓનો વિનિયોગ કન્યા ભ્રૂણનો ગર્ભમાં જ નાશ કરવા માટે થઈ રહ્યો છે. નારીને નારાયણી કહેનારો ભદ્ર સમાજ આ પાપ કરતાં અચકાતો નથી. એની સામે પેલી હલકી કે નીચલી ગણાતી કોમોમાં કન્યા એક અસ્કામત ગણાય છે. એ પણ મજૂરી કરે છે અને પરિવારનું પાલનપોષણ કરે છે. ઊંચાં, કુલીન ખાનદાનોમાં વિધવાવિવાહ વર્જ્ય ગણાતો રહ્યો અને પુરુષો કપડું બદલતાં હોય એમ સ્ત્રી બદલતા રહ્યા. ઈસ્લામે પણ ચાર ચાર સ્ત્રીઓની છૂટ આપી અને ફક્ત ત્રણ 'તલાક' બોલીને સ્ત્રીને રઝળતી કરી દેવાની અતિશય ક્રૂર પથા શરુ થઈ. હિંદુ ધર્મ હોય કે ઈસ્લામ : મહિલાઓને એના વાજબી અધિકારો આપવામાં બધા જ કાચા અને કંજૂસ સાબિત થયા છે. એટલે હવે મહિલાઓએ જાતે જ પોતાની હકની લડાઈ લડી લેવી પડશે. પુરુષ પ્રધાન સમાજ મહિલાઓને સુરક્ષાના કાયદા તો આપી શકે છે પરંતુ સુરક્ષાની ગેરંટી નથી આપી શકતો, તે બાબત નિર્ભયાકાંડ પછી સતત બનતા રહેતા યૌન અપરાધોએ સાબિત કરી દીધી છે. રાજકીય ક્ષેત્રે સ્થાનિક સ્વરાજની સંસ્થાઓમાં ૫૦ ટકા મહિલા અનામત આપી દેવાથી મહિલાઓ સશક્ત બની જવાની નથી.

# ભાઈ! તારો બહેકે ફૂલડાંનો બાગ!



ભાઈ! તારો બહેકે
ફૂલડાંનો બાગ જી...
બહેકે ફૂલડાંનો બાગ
એનો પાણતિયો રૂડો રામ....
'કાગ' વાણીની વેલડીયુંને લાગે,
પ્રભુજળની પ્યાસ જી..
ખીલે શબદના ફૂલડાં
ભાઈ! એમાં કરણીની સુવાસ...
બહેકે ફૂલડાંનો બાગ.

મજાદરની માટીની સુગંધ દાઢીવાળા દુલા કાગના મોહક સ્વરૂપે તેમજ કવિના સમૃધ્ધ શબ્દ ફૂલડાં થકી જગતમાં પ્રસરી છે. કવિના 'બાવન ફૂલડાંના બાગ' ને સાહિત્ય પ્રેમીઓએ ખોબે અને ધોબે વધાવેલો છે. કવિ કાગની પાવન સ્મૃતિને નિરંતર સંકોરવાનું પુણ્ય કાર્ય પૂજ્ય. મોરારીબાપુ દરેક વર્ષે નિયમિતતાથી અને નિજાનંદે કરે છે. કવિની ભોમકામાં બેસીને 'કાગના ફળિયે કાગની વાતું' નો આ મોરારીબાપુએ શરૂ કરાવેલા તથા ટકાવી રાખેલા ઉપક્રમ તરફ અનેક કાગ પ્રેમી સાહિત્ય રસિકોનું ધ્યાન ખેંચાયું છે. અનેક લોકો આ ભાવતર્પણના પ્રસંગની રાહ જોતા હોય છે. ગયા વર્ષે ફેબ્રુઆરી-૨૦૧૫માં 'માનસ કાગરૂષિ' નો રામકથા યજ્ઞ કરીને મોરારીબાપુએ આ પ્રવૃત્તિને સોનેરી કીર્તિ શિખર ચડાવેલું છે. આ વર્ષે (૨૦૧૬) પણ ૧૨ મી માર્ચના દિવસે ભગતબાપુના આંગણે કવિને વધાવવાનો પ્રસંગ યોજવામાં આવેલો છે. બળવંતભાઈ જાની, રામભાઈ સોયા (યુ.એસ.એ.) તથા જવાહરભાઈ ગઢવી (જાંબુડા) જેવા કાગ સાહિત્યના મર્મજ્ઞ લોકો કાગબાપુની ભાતીગળ વાતોનો ધોધ વહેતો કરવાના છે. સૌ સાહિત્ય પ્રેમીઓ માટે આ એક અનેરો આનંદોત્સવ છે. કાગ પરીવાર તથા મજાદર ગામ સમસ્તના ઉજળા આવકારથી પ્રસંગની ગરીમા દિનપ્રતિદિન વધતી રહેલી જોવા મળે છે.

સાર્વત્રિક રીતે એક હકીકત જોવા મળી છે કે, કવિઓની રચનામાં જે તે સમયની પરિસ્થિતિનું વધતે-ઓછે અંશે પ્રતિબિંબ પડે છે. ભગત બાપુ થયા તે અગાઉ થઈ ગયેલા ચારણ કવિઓની રચનામાં જે તે સમયની સ્થિતિનું વિહંગાવલોકન કરી વીરતા, ત્યાગ, બલિદાન અને ભક્તિના ઉત્તમ રંગો વિશિષ્ટ શૈલી અને અનોખી છટાથી પ્રગટ થયા છે.

ભગત બાપુનો સમય, એ સમય પરિવર્તનની એક અનોખી ક્ષણ હતી. ગોરા હાકેમો સામે દેશના અધિનાયક ગાંધીએ રણશીંગું ફુંકી દીધુ હતું. ગણ્યાગાંઠ્યા લોકોના હાથમાં કેન્દ્રિત થયેલી સત્તા, લોકશાહીની મર્યાદા સ્વીકારીને જનજનમાં વિકેન્દ્રિત થવાની અસાધારણ ક્ષણ આવી પહોંચી હતી. સરદાર વલ્લભભાઈ પટેલની ચાણક્ય નીતિના ચમત્કારિક પરિણામો પણ દ્રષ્ટિમાન થતાં હતાં. રાજા-મહારાજાઓના સ્થાને પ્રજાએ ચૂંટેલા પ્રતિનિધિઓએ શાસનની ધુરા સંભાળી હતી. ભગત બાપુએ કાળના આ ઐતિહાસિક પરિવર્તનને ખૂબીપૂર્વક પોતાની રચનાઓમાં ઝીલ્યું. સમાજને આ કાળમાં દોરવણી આપનારા મહાન નાયકોને તેમણે



## ક્ષણના ચણીબોર

વી. એસ. ગઢવી

તેમની રચનાઓમાં ગાયા તથા બિરદાવ્યા. વિચારના નૂતનતંતુને કાવ્યોમાં ઝીલીને સમાજમાં વહેતો કર્યો. ગાંધીજીના આદર્શોને લોકભાષમાં વહેતા મૂકવાના ભગત બાપુના પ્રયાસોનો જોટો જડે તેવો નથી તે વાત મેઘાણીભાઈએ કરેલી તે સર્વથા ઉચિત છે.

''ઢાળ ભાળીને સૌ દોડવા માંડે, એ તો ઢાળનાં નહિ દોડનારો,
પોતે ચણેલામાં પોલ ભાળે તો પાયામાંથી જ પાડનારો....
ગાંધી મારો સો સો વાતોનો જાણનારો.''

ગાંધીજીના આદર્શો, વિચારો તથા કાર્ય પધ્ધતિનું લોકભાગ્ય ભાષામાં વર્ણન કાવ્યની એક વિશેષ ઉંચાઈને આંબે છે. ભૂદાન ચળવળના તત્વને લોકો સુધી પહોંચાડવામાં ભગત બાપુની રચનાઓને અસાધારણ સફળતા મળી હતી. રવિશંકર મહારાજની પ્રવૃત્તિઓમાં ભગત બાપુને ઉપકારી આત્માનાં દર્શન થયાં. ભગત બાપુની રચનાઓની સરળતાએ તેમને ખૂબ જ લોકપ્રિય બનાવી. તેઓ ખરા અર્થમાં લોકકવિ તરીકે પ્રકાશ્યા. ગામડે ગામડે ભાંગતી રાત્રે ગવાતાં ભજનોમાં ભગત બાપુની રચનાઓ લોકસમૂહમાં ઝીલાઈ:

''આશરે તારે ઈંડા ઉછેર્યા....., ફળ ખાધાં રસવાળાં,

અનુસંધાન પાના નં. ૭ પર

# સીટી જોઈએ છે - પ્રેશરકૂકરની સીટી જોઈએ છે

લોકોને ખૂલીને વાત કરવા માટે સ્થાન જોઈએ છે, એવા વ્યક્તિની તલાશ હોય છે, જેની પાસે જઈને આપણે ઠલવાઈ જઈએ... મોકલાશથી છૂટા થઈ જવાય તેવા વાતાવરણની આશા આપણે સૌ રાખીએ છીએ...

પ્રેશરકૂકરમાં બાફવા કોઈ વસ્તુ મૂકી હોય પરંતુ જો તેમાં સમયસર સીટી ન વાગે તો એક વખત એવો આવે છે કે કૂકર ફાટી જાય છે... સમયાંતરે અમુક સીટી વાગે તો બધું વ્યવસ્થિત ચાલે નહીંતર બોઈલર ફાટવાનું જ છે...

એક સપ્તાહ પહેલાની વાત છે... સીજી રોડ પર એક રીક્ષા ચાલકને પૂછ્યું કે 'ઈન્કમટેક્સ આવશો?' જવાબમાં થોડી અવઢવ સાથે એક પત્ર વાંચી રહેલા રીક્ષાચાલકે કહ્યું, 'બે મિનિટ જરા રાહ જોશો? આ કવર વાંચી લઉં.'

મારે કોઈ ઉતાવળ નહોતી... હું રીક્ષામાં પાછળ બેઠો... ૪૫ થી ૫૦ વર્ષની ઉંમરના આધેડ વ્યક્તિ હતા, ચહેરા પર વ્યાકુળતા વર્તાતી હતી... ચહેરો કહેતો હતો કે કંઈક તો વાંધો છે... આ વ્યક્તિના જીવનમાં... કવરમાં એક ફોર્મ હતું... મને લાગતું હતું કે તે ભાઈ હમણાં મને પૂછશે... આ ફોર્મ બાબતે! અને બન્યું પણ એમ...

અચકાતા અને કોચવાતાં જીવે તેમણે મને કહ્યું, આ પીપીએફ ફોર્મ અને તેની વિગતો છે! મને સમજાવશો મારે શું કરવાનું?

ફોર્મ જોઈને મેં કહ્યું બહુ સરળ છે, એસબીઆઈની કોઈ પણ બ્રાન્ચમાં જઈને આટલી વિગતો આપીને PPF realising form ભરીને આવશો એટલે રૂપિયા મળી જશે...'

હવે તે ભાઈ જરા ગળગળા અવાજે તેમની આપવીતી કહેવા લાગ્યા.. જેનો સારાંશ છે... તેમની પત્નીને ૧૫ દિવસથી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા... ડાયાબિટીસના કારણે પગમાં ગેંગરીંગ થઈ ગયું અને ડાબા પગની ત્રણ આંગળીઓ કાપી નાખવી પડી હતી, ડૉકટરોના કહેવા મુજબ હજુ વધુ પગ આગળ જતા કાપવો પડે... પોતે રીક્ષા ચલાવતા હતા... પૈસાની પુષ્કળ જરુર હતી... પત્ની અને દીકરીને હજુ વધુ પગ કાપવો પડશે તેવી વાત જણાવી ન હતી... ૧૫ વર્ષથી તેઓ મુંબઈ છોડીને માતાપિતાથી અલગ અમદાવાદમાં સ્થાયી થયા હતા... નાના ભાઈએ ખટપટ કરીને તેમના નામના બધા જ શૅર વેચી નાખીને પૈસા પડાવી લીધા હતા... હજી વરસ પહેલા જ તેમના પિતાજીનું અવસાન થયું હતું... ત્યારે વસંતભાઈ (રીક્ષાચાલક)ને ખબર પડી કે લગભગ ૧૫ વર્ષથી તેમના પિતા તેમના નામે PPF માં પૈસા રોકતા હતા... મુંબઈમાં ઘર, દુકાન આ બધું તો નાનાભાઈએ લઈ જ લીધું હતું. હવે આવા મુશ્કેલીના સમયમાં તે ભાઈએ PPF ના પૈસા આપવાની રસમમાં સહાય કરતો ન હતો. PPF પાસબુક, સુધારેલ આવૃત્તિના PPF નંબર કશું જ આપતો ન હતો... વસંતભાઈ પોતે આજે ૧૫ દિવસ પછી રીક્ષા ચલાવવા આવ્યા હતા... કારણ કે પત્ની સામે બેસવાવાળું - ટીફી આપવા માટે પણ કોઈ સ્વજન આવ્યું ન હતું. શહેરમાં રહેતા બેન-બનેવી અને બીજી સંબંધીઓની આર્થિક મદદની વાત તો દૂર ફોન પણ શિષ્ટાચાર બતાવીને હૂંફ પણ આપી શક્યા ન હતા...

**મૂંઝવણો ફક્ત ટીન-એજર્સ પૂરતી મર્યાદિત નથી, દરેક ઉંમરે, દરેક ઘટના વખતે, જીવનના દરેક ચઢાવ-ઉતાર સમયે વ્યક્તિ માત્ર ઠલવાઈ જવા છટપટાતો રહે છે... અને આવા વ્યક્તિઓની સીટી કે વાલ્વ બનવાનું સૌભાગ્ય દરેકના ભાગ્યમાં નથી હોતું...**

૧૫ દિવસથી તે વ્યક્તિ કેટલા ઉદ્વેગમાં, ચિંતા અને તણાવમાં હશે? પોતાની વ્યથા કહેવા માટે કોઈ ઠેકાણું તેની પાસે નહોતું કે જેને કારણે તે રીક્ષા ચાલકે મારા જેવા અજાણ્યા પેસેન્જર પાસે પોતાની વ્યથા ઠાલવવી પડી. અને જો આજે પણ ઠલવાઈ ગયા ન હોત તો પછી ચોક્કસ પણે વસંતભાઈને બીપીનો પ્રોબ્લેમ શરુ થઈ ગયો હોત...

દરેકને આઉટલેટની જરુર પડે છે... અને આ વાલ્વ, આઉટલેટ કે સીટી એ મિત્રના સ્વરુપમાં હોઈ શકે, સ્વજનના સ્વરુપમાં હોઈ શકે, સગાં-સંબંધીના સ્વરુપમાં હોઈ શકે...



## વિચારયાત્રા

ડો. જય ઓઝા

હવે તમે વિચારશો કે મિત્ર, સગાં-સંબંધી, માતા-પિતા, સહકર્મચારી, આ બધા તો પાસે હોય છે... તો પછી શું ચિંતા? પરંતુ જયારે આ બધા સગપણ સારા પ્રસંગોએ કે માઠા પ્રસંગોમાં હાજરી પૂરવા માત્રના જ બની જાય ત્યારે માણસ કયાં જાય?

શું આપણે આપણા લોકો માટે આવા વાલ્વરુપ કે સીટીરુપ બની શક્યા છીએ ખરાં? કોઈ આપણો દોસ્ત આપણી સાથે ખુલ્લા દિલે પોતાની મુશ્કેલીઓની વ્યથા ઠાલવી શકે, તેવું વાતાવરણ આપણે તેને પુરું પાડ્યું છે?

ખાસ કરીને ઉંમરના અમુક પડાવોમાં આવી સીટી અને વાલ્વની ખાસ જરુરત હોય છે....

જેમ કે ટીન-એજમાં તરુણ-તરુણીઓ ઘણી જિજ્ઞાસા અને અકથ્ય મૂંઝવણોથી પીડાતા હોય છે... માતાપિતા, ભાઈ-બહેન જેવા સંબંધો ઘરમાં હોવા છતાં પણ જયારે તેઓ સીટી જેવા, વાલ્વ જેવા નથી બની શકતા ત્યારે આવા તરૂણો-તરૂણીઓ હૂંફનું વાતાવરણ શોધવા બહાર ફાંફાં મારે છે...

અને જેમાં મોટે ભાગે ખત્તા ખાય છે, બનાવટી આત્મીયતા અને છળવાળી હૂંફ ઘણીવાર મોટી છેતરપીંડી કરી જાય છે... અને જેના પરિણામ જીવનભર ભોગવવા પડતા હોય છે... ટીન એજમાં ભાગી જતા છોકરા-છોકરીઓ, નર્મદા કેનાલમાં પડતું મૂકતાં પ્રેમીયુગલો એવા પ્રેશરકૂકર જેવા હોય છે, જેને કોઈ આઉટસોર્સ નથી મળ્યો. ભૂતકાળનો ભોરિંગ વર્તમાન અને ભવિષ્ય બંનેને પીંખતો રહે છે...

અને આ મૂંઝવણો ફક્ત ટીન-એજર્સ પૂરતી મર્યાદિત નથી, દરેક ઉંમરે, દરેક ઘટના વખતે, જીવનના દરેક ચઢાવ-ઉતાર સમયે વ્યક્તિ માત્ર ઠલવાઈ જવા છટપટાતો રહે છે... અને આવા વ્યક્તિઓની સીટી કે વાલ્વ બનવાનું સૌભાગ્ય દરેકના ભાગ્યમાં નથી હોતું...

હા! એ પણ છે કે આવા પ્રેશરકૂકરની સીટી કે વાલ્વ બનવું સહેલું નથી... જો આપણે ઈચ્છતા હોઈએ કે આપણી હૈરાવરાળ ઠાલવવા કોઈ સ્થાન મળે... મૂંઝવણ ઠાલવવા કોઈ યોગ્ય સીટી મળી જાય, તો એ માટે આપણે આ સૌ પ્રથમ કો'કના પ્રેશરકૂકરની સીટી બનવાની તૈયારી રાખવી પડશે...

- jayuoza@gmail.com
Mo. 9898046488

# તમારી ચોઈસ કેવી છે? બધો આધાર છે, ચોઈસ ઉપર

મહાન વિચારક નિત્સેએ કહ્યું છે કે ''તમારા ભાવિ ઉપર તમારો ભૂતકાળ અને વર્તમાન બહુ મોટો ભાગ ભજવે છે. તમારો પરિવેશ, તમારી સંસ્કૃતિ, તમારો વ્યવહાર અને તમારો અભિપ્રાય તમારું ઘડતર કરે છે, જેવા તમે બનવા માગો છો, એવા તમને બનાવે છે.''

''અગર તુમ કિસી ચીજ કો બડી સિદ્દત સે ચાહો તો પુરી કાઈનાત ભી ઉસે મિલાને મેં લગ જાતી હૈ...'' અભિનેતા શાહરુખખાનનો આ ડાયલોગ ભલે ફિલ્મી હોય પણ આ જ તો બ્રહ્માંડનો નિયમ છે કે ''જેવું ચાહો તેવું પામો.'' વિલપાવર. આત્મબળ અથવા મનોશક્તિ મહત્વનું પરિબળ છે. જેને તમે ભરપુર ચાહતા હો, જેની તમે ખરા દિલથી ખ્વાહિશ રાખતા હો, એ આખરે તો તમને મળે જ છે. હા, સમય જરુર લાગે છે. મહત્વનો મુદ્દો છે, ચાહવું. વિશ કરવી. ઈચ્છાશક્તિનું ફળ મળે જ છે.

તમારી ચોઈસ કેવી છે? બધો આધાર ચોઈસ ઉપર પણ રહેલો છે. નિત્સેએ કહ્યું છે એમ તમારા પરિવેશ, તમારી આસપાસનું વાતાવરણ, તમારા મિત્રો, તમારા સાથીઓ વગેરે કોણ છે, કેવું છે, એના ઉપર તમારા વ્યક્તિત્વનો, તમારા ભવિષ્યનો અને સરવાળે તમારા અસ્તિત્વનો આધાર રહેલો હોય છે. તમારી વ્યક્તિગત તાકાત કેટલી છે તે મહત્વનું નથી. તમારી સાથે કોણ કોણ જોડાયેલું છે, અથવા તમે કોની સાથે સંકળાયેલા

***તમારી વ્યક્તિગત તાકાત કેટલી છે તે મહત્વનું નથી, તમારી સાથે કોણ કોણ જોડાયેલું છે, અથવા તમે કોની સાથે સંકળાયેલા અને જોડાયેલા છો, એ મહત્વનું હોય છે***

અને જોડાયેલા છો, એ મહત્વનું હોય છે.

જિંદગીનું સુખ-દુઃખ પણ તમારા સંબંધ ઉપર આધારીત હોય છે. જો તમારા સાથી તમને દુઃખમાં પણ સાથ આપશે તો તમારા માટે દુઃખના દિવસો પણ સુખના બની જશે. પરંતુ જો તમારા સાથી સુખના દિવસોમાં પરેશાન કરી રહ્યા હશે તો તમારા માટે સુખના દિવસો પણ દુઃખદાયી જ રહેવાના છે. સવાલ તમે કોની સોબતમાં રહો છો, એનો છે. મુદ્દો એ છે કે તમે કોનો સાથ પસંદ કરો છો.

એક સરસ મજાની ટચુકડી કથા છે. જંગલમાં એક સસલો સિંહની બોડ બહાર બેઠો બેઠો કમ્પ્યૂટર પર કંઈક કામ કરી રહ્યો હતો.

આ દશ્ય જોઈને એક દિવસ ત્યાંથી પસાર થતા એક શિયાળે સસલાને પૂછ્યું કે ''અહીં સિંહની બોડ બહાર બેઠા બેઠા આ તું શું કરી રહ્યો છે?''

સસલાએ જરાય ગભરાયા વિના પ્રત્યુત્તર વાળ્યો કે ''શિયાળને કઈ રીતે પાડી દેવો તે અંગે કમ્પ્યુટરમાં પ્રોજેક્ટ રિપોર્ટ બનાવી રહ્યો છું.''

આ સાંભળીને શિયાળ તો ગુસ્સે ભરાયો અને બોલ્યો કે ''તું વળી મને કઈ રીતે મારી શકવાનો હતો, પાગલ થયો છે કે શું?''

સસલાએ તો પુરા આત્મવિશ્વાસ સાથે કહ્યું કે ''જો તમને વિશ્વાસ ના બેસતો હોય તો આવો, મારા દરમાં'' શિયાળે શંકા પણ વ્યક્ત કરી કે ''આ તો તારું દર છે કે સિંહની બોડ... કેમ ગપ્પા મારે છે?''

ચતુર સસલાએ હસતા હસતા જવાબ આપ્યો કે ''તમારી વાત સાચી છે, શિયાળભાઈ, પરંતુ એક સમયે આ બોડ સિંહની હતી પરંતુ હવે નથી. કેમ કે સિંહને મારી-હરાવીને હવે મેં કબજો કર્યો છે, એટલે એ મારું દર જ કહેવાય, બોડ નહીં.''

શિયાળને નવાઈ તો લાગી, છતા તે કુતૂહલવશ સસલાની સાથે બોડમાં ગયો. થોડી જ વારમાં તો સસલો શિયાળના હાડકાનો ટુકડો મ્હોંમાં પકડીને બોડની બહાર આવી ગયો.

બીજા દિવસે સિંહની બોડની બહાર બેઠેલા સસલા પાસેથી એક વરુ પસાર થયું. તેણે પણ જોયું કે સિંહની બોડની બહાર બેસીને નિર્ભય બનીને સસલો કમ્પ્યૂટર પર કશુંક કામ કરી રહ્યો છે.

વરુએ પણ સસલાને પૂછ્યું કે ''અહીં સિંહની બોડની બહાર બેસીને શું કરી રહ્યા છો, સસલાભાઈ...?''

સસલાએ આ વખતે પણ શિયાળને આપ્યો હતો એ જ પ્રત્યુત્તર આપ્યો કે ''વરુને કઈ રીતે ખતમ કરી નાખવો એ અંગેનો એક પ્રોજેક્ટ રિપોર્ટ બનાવી રહ્યો છું.''

સસલાની હિંમત જોઈને વરુને પણ નવાઈ તો લાગી. છતા પણ વરુએ પુછી જ લીધું કે ''સસલો વળી વરુને કઈ રીતે ખતમ કરી શકે? ધોળે દિવસે સપનાં જોવાનાં શરુ કર્યાં લાગે છે.''

સસલાએ યુક્તિ અજમાવતા કહ્યું કે '' જો તમને મારી વાત ઉપર વિશ્વાસ ન હોય તો આવો મારા દરમાં. એટલે તમને ખાતરી થઈ જશે.''

વરુએ તો ધુવાંપુવાં થઈને આ પડકાર ઊપાડી લીધો. બેઉ બોડમાં ગયા, જેને સસલો પોતાનું દર ગણાવતો હતો. થોડી જ વારમાં સસલો વરુના હાડકાંનો એક ટુકડો મ્હોંમાં લઈને બહાર આવ્યો અને કમ્પ્યૂટર લઈને પાછો બોડની બહાર બેસી ગયો.

ત્રીજા દિવસે સિંહની બોડની બહારના ભાગેથી એક રિંછ પસાર થયું. રિંછે પણ જોયું કે સિંહની બોડની બહાર કોઈ પણ જાતના ડર કે ગભરાટ વિના સસલો બેઠો છે અને કમ્પ્યૂટર લઈને કશુંક કરી રહ્યો છે.



## ગુલમોર

દિનેશ દેસાઈ

રિંછે પણ કમ્પ્યૂટર પર કામ કરી રહેલા સસલાને પૂછ્યું કે ''અહીં બેસીને કમ્પ્યૂટર ઉપર શું કરી રહ્યા છો, સસલાભાઈ?''

સસલાએ અગાઉ જેવો જ ગોખી રાખેલો જવાબ આપ્યો કે ''રિંછને કઈ રીતે પતાવી દેવો તે અંગેનો એક પ્રોજેક્ટ રિપોર્ટ બનાવી રહ્યો છું.''

આ સાંભળીને રિંછ તો ક્રોધે ભરાયો. રિંછ તાડુકીને બોલી ઊઠ્યો કે ''તારા જેવા સસલાની શું હિંમત છે કે મારા જેવા કદાવર રિંછને પતાવી શકે?'' આ વખતે પણ સસલાએ ખુબ જ શાંતિથી રિંછને લલકાર કર્યો કે ''જો તમને વિશ્વાસ ન આવતો હોય તો ચાલો, મારા દરમાં.''

રિંછે તો ગુમાનપૂર્વક સસલાનો પડકાર ઊપાડી લીધો અને તેની સાથે તેના દરમાં પ્રવેશ કર્યો. અંદર જઈને રિંછે જોયું તો બોડમાં એક ડાલામથ્થો સિંહ પોતાના પંજા ચાટતો બેઠો હતો. તેની આસપાસ શિયાળ અને વરુના શરીરની ખાલ અને થોડા હાડકાં પણ પડ્યાં હતાં. રિંછના પણ શિયાળ અને વરુ જેવા જ હાલ થયા અને તેનો પણ સિંહે શિકાર કરી નાખ્યો.

વાતનો સારાંશ એટલો જ કે સસલાએ સાવજ સાથે દોસ્તી કરી એથી તેને બે વાતની રાહત થઈ. એક તો પોતાનો શિકાર થતા બચી ગયો અને સાવજ તરફથી પોતાને જીવતદાન, અભયદાન મળી ગયું. બીજું કે આખા જંગલમાં સસલો એટલે સાવજનો દોસ્ત, એવી છાપ ઉભી થઈ હોવાથી જંગલમાં તેનો વટ, માન-મોભો પણ વધી ગયાં. બીજી તરફ સિંહને પણ સસલાની દોસ્તીનો ફાયદો એ થયો કે તેને ઘરઆંગણે જ શિકાર મળી જવા લાગ્યા.

તમે કોની સાથે છો, તમે કોના સંબંધમાં કે સંપર્કમાં છો, એનું જીવનમાં ખાસ્સુ મહત્વ છે. ચોઈસ તમારા ખુદના હાથમાં હોય છે કે તમે

અનુસંધાન પાના નં. ૭ પર